શનિવાર, 22 નવેમ્બર, 2025 માગશર સુદ એકમ

# દૈનિક પલ્સ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## વડોદરા: સસ્તા સોનાની લાલચે કર્ણાટકની મહિલા સાથે ૪.૯૨ કરોડની ઠગાઈ, ૧૯ સામે પોલીસ ફરિયાદ

વડોદરામાં ઠગાઈનો એક એવો હાઈ-પ્રોફાઈલ ડ્રામા સામે આવ્યો છે, જેમાં કર્ણાટકની એક મહિલાએ સસ્તા સોનાની લાલચમાં પોતાની જીવનભરની મૂડી ગુમાવી દીધી છે. ગેંડા સર્કલ પાસેના સિગ્નેટ હબમાં ઓફિસ ખોલીને બેઠેલી એક ટોળકીએ 'ચિટર' બનીને મહિલા પાસેથી કુલ ૪.૯૨ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી છે.

આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર રાજવીર પરીખ, વિશાલ બારડ અને નયના મહિડાએ આયોજનબદ્ધ કાવતરું ઘડ્યું હતું. તેમણે મહિલાને પહેલા બજાર કરતા સસ્તું સોનું આપવાનો વિશ્વાસ અપાવી ૪.૬૧ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા. ત્યારબાદ, ૧૦ કરોડની લોન પાસ કરાવવા અને બેંક કમિશનના નામે બીજા ૩૧ લાખ રૂપિયા પણ પડાવી લીધા.

આ ગેંગે માત્ર વાતો નહોતી કરી, પણ એક આખું નાટક રચ્યું હતું. ભોગ બનનારને પ્રભાવિત કરવા અને ડરાવવા માટે નકલી દસ્તાવેજો બનાવ્યા અને સાથે સાથે નકલી ઈડી (ED) ઓફિસર તથા બોગસ પોલીસનો કાફલો પણ ઉભો કર્યો હતો. છેવટે ન સોનું મળ્યું, ન લોન મળી. ભોગ બનનાર મહિલાની ફરિયાદના આધારે જે.પી. રોડ પોલીસે ડ્રાઈવર સહિત કુલ ૧૯ લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ કિસ્સો દરેક નાગરિક માટે લાલબત્તી સમાન છે.




**વડોદરા: સસ્તા સોનાની લાલચે મહિલા સાથે ₹૪.૯૨ કરોડની મહાઠગાઈ. નકલી ED અને પોલીસ બની ૧૯ શખ્સોએ આચર્યુ કૌભાંડ. પોલીસે તપાસ હાથ ધરી.**

## પાટોદ ગામમાં મધરાતે ફાર્મહાઉસમાં ભયાનક લૂંટકાંડ

પાદરા તાલુકાના પાટોદ ગામની સીમ વિસ્તારમાં શબરી વિદ્યાલય નજીક આવેલા એક ફાર્મહાઉસમાં શનિવારે મધરાતે લૂંટની ચોંકાવનારી ઘટના બની હતી. રાત્રે આશરે ૨.૩૦ થી ૩.૦૦ વાગ્યાના સમયગાળામાં પથી ૭ અજાણ્યા શખ્સો ફાર્મહાઉસના સર્વન્ટ રૂમનો દરવાજો તોડી અંદર ઘૂસી આવ્યા હતા. અંદર હાજર મગનભાઈ પ્રવિણભાઈ ચૌહાણ અને તેમના પિતાને હુમલાખોરોએ લોખંડના પાળીયા અને લાકડાના દંડાથી માર માર્યો હતો, જેના કારણે બંને ઘાયલ થયા હતા. આ ટોળકી રોકડા રૂપિયા ૨૭ હજાર, સોનાની બુટ્ટી, ચાંદીનું મંગળસૂત્ર અને એક મોબાઈલ ફોન મળી કુલ અંદાજે ૮૩ હજાર રૂપિયાની મત્તા લૂંટી ફરાર થઈ ગઈ હતી.

મધરાતે બનેલી આ ઘટનાએ વિસ્તારમાં ભય અને અસુરક્ષાનો માહોલ સર્જ્યો છે. નાગરિકોમાં વધતી અપરાધિક હિંમત અંગે ચિંતા વ્યાપી રહી છે.

## કરમાલ ગામમાં ઉદ્યોગ ફળીયે મોટાપાયે દારૂ જપ્ત કાર્યવાહી

ભોઇ તાલુકાના કરમાલ ગામમાં સ્કૂલની પાછળ આવેલા ઉદ્યોગ ફળીયા વિસ્તારમાં વિદેશી દારૂના જથ્થાની મોટી કબજિયાત સામે આવી છે. માહિતી મુજબ સ્થળ પરથી વિદેશી દારૂના ક્વાટર અને બીયરના કુલ ૧૦૭૬ ટીન મળી આવ્યા છે, જેના મૂલ્યનો અંદાજ રૂ. ૨,૭૦,૫૬૨ જેટલો થાય છે. સ્થાનિક સ્તરે ચાલતી દારૂબંધી વચ્ચે આટલો મોટો મુદ્દામાલ બહાર આવતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ પરેશભાઈ કાલીદાસ બારીયાને સ્થળ પરથી પકડી લેવાયા છે જ્યારે અલ્કેશભાઈ ખુમાનભાઈ રાઠવા ફરાર હોવાનું સામે આવ્યું છે. ઉદ્યોગ ફળીયામાં છુપાવી રાખવામાં આવેલ આ જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને આગળ ક્યાં પહોંચાડવાનો હતો તે અંગે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. સ્થાનિકોમાં ફરી એકવાર દારૂના ગેરકાયદેસર પ્રવાહ અંગે ચિંતા વ્યક્ત થઈ રહી છે.

## ધનોરા ગામે બિલ્ડીંગ કામદારે દુર્ઘટનામાં કરુણ અંત આવ્યો

કરજણ તાલુકાના ધનોરા ગામની સીમ ખાતે આવેલી વિલાસ ટ્રાન્સકોર લિમિટેડ, નેનો ડિવિઝન કંપનીમાં બનેલી દુર્ઘટનામાં એક મજૂરનું કરુણ મૃત્યુ થયું છે. વિગતો મુજબ ૪૯ વર્ષીય કનુભાઈ છત્રાભાઈ રાઠવા કંપનીના નવા ઊભા થતા બિલ્ડીંગમાં પ્લમ્બિંગનું કામ કરી રહ્યા હતા.

કનુભાઈ પહેલા માળે લોખંડના ખપેડા ઉપર ઉભા રહી કામગીરીમાં વ્યસ્ત હતા, તે દરમિયાન અચાનક પગ લપસી જતાં તેઓ નીચે પટકાયા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે તેમને તરત સારવાર માટે ખસેડાયા હતા, પરંતુ ગંભીર ઇજાઓને કારણે સારવાર દરમ્યાન તેમનું મોત નિપજ્યું હતું.

ઘટનાથી સાથી કામદારો અને કંપની સ્ટાફમાં શોકનો માહોલ સર્જાયો છે. ઉદ્યોગ વિસ્તારોમાં સલામતીના મુદ્દાઓ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે, કારણ કે ઊંચાઈ પર કામ કરતી વખતે લેવાતી તકેદારીમાં થોડો પણ ખોટો ખપક ગંભીર પરિણામો આપી શકે છે. સ્થાનિકો અને કર્મચારીઓએ સુરક્ષા ઉપાયોને વધુ મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.



## વડોદરા ગ્રામ્યમાં દારૂના સટ્ટાબજારમાં અનેક કાર્યવાહી

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં દારૂબંધી વચ્ચે વિવિધ સ્થળોએ દારૂ જપ્ત થતા ચકચાર મચી છે. શિનોર, જરોદ અને વાઘોડિયામાં ઈલાબેન, ચંપાબેન, ઉર્મિલાબેન અને શકુબેનના ઘરમાંથી રથી ૩ લિટર દેશી દારૂ મળ્યો. સાવલીમાં પ્રવીણભાઈ માળીના ખેતરમાંથી પણ ૨ લિટર દારૂ મળી આવ્યો.

જાહેરમાં પીધેલી હાલતમાં કાંતિલાલ માળી, ભરતસિંહ મકવાણા, સિલધરભાઈ તડવી, ધર્મેશભાઈ વસાવા અને મુવાસિયાભાઈ તડવી પકડાયા.

વાઘોડિયામાં એક અજાણ્યો સુઝુકી એક્સેસ ચાલક ૩૬ બીયર ટીન મૂકી ભાગી ગયો હતો. ડભોઇ વિસ્તારમાં પરેશભાઈ બારીયા પાસેથી રૂ. ૨.૭૦ લાખનો દારૂ જપ્ત થયો.

## વડોદરા જિલ્લામાં નશામાં વાહન દોડાવવાના પાંચ બનાવો સામે

વડોદરા જિલ્લામાં ડ્રંક એન્ડ ડ્રાઈવના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે. શિનોર વિસ્તારમાં કિરણભાઈ પુનાભાઈ તડવી હીરો સ્પ્લેન્ડર પર નશાની હાલતમાં ચાલતા ઝડપાયા. વરણામા વિસ્તારમાં જયેશભાઈ વિનોદભાઈ પઢીયાર હોન્ડા ડીયો પર બેદરકારીથી દોડાવતા જોવા મળ્યા.

વડોદરા તાલુકામાં કૌશિકભાઈ દિલીપભાઈ ચૌહાણ હીરો પેશન પ્રો પર નશો કરીને રસ્તા પર ઉતર્યા હતા. વાઘોડિયા વિસ્તારમાં કમલેશભાઈ રૂપસિંહભાઈ બારિયા અને ડભોઇમાં કરણભાઈ લક્ષ્મણભાઈ વસાવા પણ નશાની હાલતમાં મોટરસાયકલ ચલાવતા ઝડપાયા.

આ પાંચ બનાવો બાદ જિલ્લામાં માર્ગ સલામતી અને જાગૃતિ અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે.

## સચિન વિસ્તારમાં રખડતા શ્વાનોના હુમલાથી બાળકી ગંભીર

સુરતના સચિન વિસ્તારમાં રખડતા શ્વાનોનો આતંક ફરી એક વખત ગંભીર બનાવ સાથે સામે આવ્યો છે. ઈકો ડાયમન્ડ પાર્ક નજીક 4 વર્ષીય શિવાય પ્રજાપતિ પર 4–5 શ્વાનોના ટોળાએ અચાનક હુમલો કર્યો હતો. હુમલામાં બાળકના માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં 50થી વધુ ઈજાઓ થઈ હતી. સ્થાનિકો દોડી આવ્યા બાદ બાળકનો બચાવ થયો. ગંભીર હાલતમાં શિવાયને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં સારવાર ચાલુ છે.

## વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ટ્રાફિક ઉલ્લંઘન અને મારામારીની ઘટનાઓ ઉછળી




વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ટ્રાફિક ઉલ્લંઘનથી લઈને મારામારી સુધીની અનેક ઘટનાઓ સામે આવતાં સ્થાનિકોમાં ચિંતા જોવા મળી રહી છે. ચાણોદ વિસ્તારમાં નારજીભાઈ જયંતીભાઈ ભીલ દ્વારા સ્પ્લેન્ડર બાઈક ગફલતભરી રીતે હંકારી હોવાનો બનાવ નોંધાયો હતો. બીજી તરફ મંજુસર વિસ્તારમાં ટ્રાફિકને અડચણરૂપ પાર્કિંગ અને બેદરકાર ડ્રાઈવિંગના અનેક પ્રસંગો પ્રકાશમાં આવ્યા છે.

અહીં પ્રવિણભાઈ પાવો છોટાહાથી ટેમ્પો અનિયમિત રીતે પાર્ક કર્યો હતો, જ્યારે જયેશભાઈ ભરવાડે આઈસર ગાડી અને સુનિલભાઈ રાણે એક્ટિવા ગફલતભરી રીતે હંકાર્યા હતા. રૂસીલકુમાર સોલંકીએ કે.ટી.એમ. બાઈક અયોગ્ય રીતે પાર્ક કરી ટ્રાફિકમાં અવરજવર અટકાવ્યાનો આક્ષેપ થયો છે. સાથે જ જીગ્નેશભાઈ રાણાએ રિક્ષા બેદરકાર રીતે હંકારવાનો બનાવ પણ નોંધાયો.

મારામારીની બે ઘટનાઓ કલ્યાણપુરા ગામમાં બની હતી. એક બનાવમાં દક્ષાબેન ઠાકોર સાથે બોલાચાલી બાદ લોખંડના પંચ વડે માર મારવામાં આવ્યો, જ્યારે સામા કેસમાં જ્યોત્સનાબેન ઠાકોરની બકરી ગાડીના અડફેટમાં લેવાથી વિવાદ ઊભો થયો હતો.

વડુ વિસ્તારમાં ઉછીના પૈસા અંગે થયેલી કહેવા-સાંભળવામાં ફરીદભાઈ સિંધાને ગડદાપાટુનો માર મારવામાં આવ્યો અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ઉપરાંત જરોદ વિસ્તારમાં અશોકભાઈ હરીજન બેદરકારીપૂર્વક બાઈક ચલાવતા ઝડપાયા હતા.

**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ઈમાનદારીનો સુંદર દાખલો વડોદરાના રિક્ષાચાલક તરફથી

વડોદરા શહેરમાં એક રિક્ષાચાલકે ઈમાનદારીનું અનોખું ઉદાહરણ પૂરું પાડ્યું છે. સયાજીગંજથી ઓલ્ડ પાદરા રોડ સ્થિત બેંકર હાર્ટ હોસ્પિટલ જતી એક મહિલા મુસાફરનો કિંમતી મોબાઈલ ફોન રિક્ષામાં ભૂલાઈ ગયો હતો. મુસાફરને ઉતાર્યા થોડા જ સમયમાં રિક્ષાચાલક ફારુકભાઈએ પાછળની સીટ પર મોબાઈલ મૂકાયેલો જોયો.

કોઈ વિલંબ કર્યા વિના તેમણે રિક્ષા તાત્કાલિક પાછી વાળીને હોસ્પિટલ પહોંચી મુસાફરને શોધી કાઢ્યા અને ફોન પરત કર્યો. મોબાઈલ મેળવતા મહિલાને મોટી રાહત મળી અને તેમણે ફારુકભાઈની ઇમાનદારીને બિરદાવી.

આ પ્રસંગે માનવતા અને પ્રામાણિકતાનું મૂલ્ય ફરી એકવાર સ્પષ્ટ બન્યું છે. ફારુકભાઈનું વર્તન શહેરમાં ઇમાનદારીનું પ્રેરણારૂપ ઉદાહરણ બની રહ્યું છે, જે અન્ય લોકો માટે પણ સકારાત્મક સંદેશ આપે છે.

## તારાપુરમાં નવું અદ્યતન ST બસ સ્ટેશન ખાતમુહૂર્ત

તારાપુરમાં ₹3.48 કરોડના ખર્ચે અદ્યતન સુવિધાઓ ધરાવતા ST બસ સ્ટેશનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત સોજીત્રા વિધાનસભાના ધારાસભ્ય વિપુલભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું. વર્ષોથી નાગરિકો દ્વારા સારા અને વ્યવસ્થિત બસ સ્ટેશનની માંગ કરવામાં આવી રહી હતી, જે હવે સાકાર થવા જઈ રહી છે.

ધારાસભ્ય વિપુલભાઈ પટેલે જણાવ્યું કે નવા બસ સ્ટેશનમાં મુસાફરોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આધુનિક વેઈટિંગ એરિયા, સ્વચ્છતા, પાર્કિંગ ઝોન અને સુરક્ષા જેવી સુવિધાઓનો સમાવેશ કરાયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકામાં ક્રમશઃ 41, 39 અને 26 વિકાસ કાર્યોનું પણ ખાતમુહૂર્ત થવાનું છે. ડેપો મેનેજર ધર્મેન્દ્રસિંહ મહિડાએ માહિતી આપી કે બસ સ્ટેશન 8,944 ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલું રહેશે. તેમાં વેઈટિંગ હોલ, કંટ્રોલ રૂમ, કેન્ટીન, વોટર રૂમ, ઇલેક્ટ્રિક રૂમ, ચાર સ્ટોલ, ડ્રાઈવર અને કંડક્ટર માટે અલગ રેસ્ટ રૂમ, મહિલા કંડક્ટર માટે સુવિધાસભર રૂમ, લાઈન ચેકિંગ રૂમ અને શૌચાલય જેવી સુવિધાઓ ઉપલબ્ધ રહેશે. કાર્યક્રમ દરમિયાન તારાપુરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. સ્થાનિક આગેવાનો, નગરપાલિકા પ્રતિનિધિઓ, પરિવહન વિભાગના અધિકારીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા. આ પ્રોજેક્ટ ભવિષ્યમાં તાલુકાની પરિવહન વ્યવસ્થા વધુ મજબૂત બનાવશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે.



## શિનોરમાં ગીતાશ્લોક પઠન સ્પર્ધા ઉત્સાહપૂર્ણ યોજાઇ

શિનોર તાલુકાના જે.સી. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે તાલુકા સ્તરની શ્રીમદ ભગવદ ગીતા શ્લોક પઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ 95 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું મહત્વ, તેની પરંપરા અને ભગવદ ગીતા ગ્રંથની વિશેષતાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સ્પર્ધકોએ ગીતા શ્લોકોનું પઠન કરી આધ્યાત્મિક માહોલ સર્જ્યો હતો. શાળાના શિક્ષકો અને આયોજક મંડળે સ્પર્ધાને સફળ બનાવવા મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. આ આયોજન ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને રાજ્યના શિક્ષણ વિભાગના સહયોગથી સંપન્ન થયું. સ્પર્ધાનો મુખ્ય હેતુ સંસ્કૃત ભાષાની મહત્તા અને ગીતાના મૂલ્યોને વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો હતો. પસંદ થયેલા વિદ્યાર્થીઓ હવે જિલ્લાકક્ષાની સ્પર્ધામાં, ગીતા જયંતિ નિમિત્તે પહેલી તારીખે, શિનોર તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે.

## સુરતમાં રફ હીરાની હરાજી માટે નવી શક્યતા



અમેરિકા દ્વારા ભારતીય વેપાર પર લાગુ કરાયેલા ટેરિફની અસર વચ્ચે સુરત ચેમ્બર ઓફ કોમર્સે વૈશ્વિક વેપારને નવી દિશા આપવા મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. હીરાના રફ વેપારનું મુખ્ય કેન્દ્ર દુબઈને બદલે સુરત બને તે માટે બોસ્વાના સાથે ઊંચસ્તરીય ચર્ચાઓ કરવામાં આવી છે. ચર્ચાના પ્રાથમિક પરિણામો મુજબ હવે બોસ્વાનાની માઇનિંગમાંથી નીકળતી રફ હીરાની હરાજી સુરત ડાયમંડ બુર્સ ખાતે કરવાના વિકલ્પ પર ગંભીર વિચારણા ચાલી રહી છે.

સુરત ચેમ્બરનું પ્રતિનિધિમંડળ તાજેતરમાં બોસ્વાનાની મુલાકાતે ગયું હતું, જેમાં ખાનગી માઇનિંગ કંપનીઓએ સુરતમાં જ હરાજી યોજવા માટે સકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. આ પગલાથી સુરતના હીરા ઉદ્યોગકારોને રફ હીરાની ખરીદી માટે વિદેશ જવાની જરૂર નહીં રહે અને વૈશ્વિક ગુણવત્તાવાળા હીરા સ્થાનિક સ્તરે જ ઉપલબ્ધ થશે, જે ઉદ્યોગ માટે મોટો લાભ છે.

પ્રતિનિધિમંડળે બોસ્વાના સાથે સોલાર અને કોલસા વેપારની શક્યતાઓ પર પણ ચર્ચા કરી, જે બંને દેશો વચ્ચેના વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવી શકે છે. જો બંને દેશો વચ્ચે ટ્રેડ ડીલ થાય તો સુરતના કાપડ ઉદ્યોગને પણ નવા બજારોમાં પ્રવેશવાની મોટી તક મળશે, ખાસ કરીને બોસ્વાનામાં હાલના સમયમાં ચાઇના અને બાંગ્લાદેશના કાપડને મળતી જગ્યા પર.

આ પહેલ સુરતને રફ હીરાની વૈશ્વિક હરાજી માટે ઊભરતું કેન્દ્રીય સ્થાન બનાવશે.

## સુરતના 45 કરોડ સિક્યુરિટી કોન્ટ્રાક્ટમાં ગંભીર ગેરરીતિનો વિવાદ

સુરત મહાનગરપાલિકાના 45 કરોડના સિક્યુરિટી કોન્ટ્રાક્ટને લઈને વિવાદ ઊભો થયો છે. ટેન્ડર પ્રક્રિયા દરમિયાન ખોટા દસ્તાવેજો રજૂ કર્યા હોવાના આક્ષેપોને આધારે એમ.કે. સિક્યોરિટી, શક્તિ ફોર્સ અને શક્તિ સિક્યોરિટી સામે ફોજદારી કાર્યવાહી કરવાની દરખાસ્ત પૂર્વે મૂકાઈ હતી. જોકે, એજન્સીઓ કોર્ટમાં ગઈ હોવાનો હવાલો આપી સ્થાયી સમિતિના ચેરમેએ દરખાસ્ત મુલતવી રાખી હતી.

નવા વળાંકમાં, નવેમ્બરના પ્રથમ અઠવાડિયામાં જ નામદાર કોર્ટે આ ત્રણેય એજન્સીઓની પિટિશન ડિસ્પોઝ કરી દીધી છે. પિટિશન ખારીજ થતાં જ કાર્યવાહી આગળ વધવી જોઈએ હતી, પરંતુ તંત્ર દ્વારા કોઈ પગલા ન લેવાતા એજન્સીઓને છાવરવામાં આવતી હોવાના આક્ષેપો ફરી ચર્ચામાં આવ્યા છે. વોચ એન્ડ વોર્ડ વિભાગના ટેન્ડરમાં 22 એજન્સીઓએ ભાગ લીધો હતો. તપાસ દરમ્યાન બહાર આવ્યું હતું કે ત્રણેય એજન્સીઓએ CSO જાગૃત નાયકની બોગસ સહી અને ખોટો ઠરાવ નંબર દર્શાવી લેબર લાઇસન્સ મેળવ્યું હતું. એક અન્ય એજન્સી શિવ સિક્યુરિટીને પણ દસ્તાવેજ ખામી બદલ ડિસ્ક્વોલિફાઈ કરવામાં આવી હતી. વિવાદિત એજન્સીઓનો કોન્ટ્રાક્ટ એપ્રિલમાં પૂર્ણ થયા છતાં, તેઓને કાર્યોત્તર ઓર્ડર આપીને કામગીરી ચાલુ રાખવામાં આવી છે. પૂર્વ કોર્પોરેટર વિજય પાનસુરિયાએ આ મુદ્દે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.



## વરલી-મટકાના જુગારધામ પર LCBનો દરોડો

સુરત ગ્રામ્ય LCBએ બારડોલીના વાંકાનેર ગામમાં ચાલતા વરલી-મટકાના જુગારધામ પર દરોડો પાડી 13 વ્યક્તિઓને ઝડપી પાડ્યા હતા. ભાડેથી લેવાયેલા મકાનમાં ચાલતા આ અડ્ડેથી કુલ ₹3.96 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમને પેટ્રોલિંગ દરમિયાન ચોક્કસ માહિતી મળતા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. સ્થળ પરથી રોકડ રકમ, 22 મોબાઈલ ફોન, 4 મોટરસાયકલ, 3 લેપટોપ, એક ટેબ્લેટ અને જુગાર સામગ્રી કબજે કરાઈ હતી. સાથે જ મકાન માલકિન નયનાબેન હળપતિ અને દિપક શાહને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

## સાવલી નજીક એક્ટિવા પરથી દારૂ જપ્ત કાર્યવાહી

સાવલીના ખાખરીયા ગામ નજીક એક વ્યક્તિ પાસેથી વિદેશી દારૂ મળી આવતા તેનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. માહિતીના આધારે ટીમે વોચ ગોઠવી હતી, દરમિયાન GJ 17 CJ 3182 નંબરની એક્ટિવા રોકી તપાસ કરવામાં આવી. સ્કૂટરમાંથી 158 કોટરની બોટલ મળી આવી, જેની કિંમત અંદાજે રૂ. 39,500 થાય છે. એક્ટિવા અને મોબાઈલ સહિત કુલ રૂ. 64,500નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો.

આ મામલે ઘોઘંબાના રહેવાસી ગોવિંદકુમાર કેશુભાઈ રાઠવા સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને વધુ તપાસ ચાલુ છે.

## લગ્નના વાયદા પર સંબંધના આક્ષેપોથી ફરિયાદ

વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતી યુવતીએ એક યુવક સામે લગ્નના વાયદા પર સંબંધ બાંધ્યા અને દીર્ઘકાળ સુધી શારીરિક શોષણના આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, સોશિયલ મીડિયા પર ઓળખાણ બાદ બંને વચ્ચે સંબંધ બંધાયો અને યુવકે લગ્ન કરવાનો ભરોસો આપ્યો હતો. ત્યારબાદ યુવતી સાથે વિવિધ સ્થળોએ સંબંધ સ્થાપિત કરાતા હતા. ફરિયાદમાં વધુ જણાવાયું છે કે વર્ષો બાદ યુવકે યુવતીને જાણ કર્યા વગર અન્ય યુવતી સાથે લગ્ન કરી સંતાન પામ્યું, છતાં મૂળ ફરિયાદી યુવતી સાથે સંબંધ ચાલુ રાખ્યો અને લગ્ન કરવા તૈયાર ન થયો. ૦|બે યુવતીએ અકોટા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી.

પોલીસે FIR આધારે આરોપી યુવકને કસ્ટડીમાં લઇ વધુ તપાસ શરૂ કરી છે.

## વડોદરામાં પરિણીત મહિલાની સાસરિયાં સામે આક્ષેપોની ફરિયાદ

વડોદરાના અલકાપુરી વિસ્તારમાં રહેતી 32 વર્ષીય મહિલાએ પતિ, સાસુ-સસરા અને જેઠ વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ, દહેજ માટે દબાણ અને નાણાં ઉપાડવાના આક્ષેપો સાથે નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, વર્ષ 2020માં પોરબંદરના યુવક સાથે લગ્ન થયા બાદ થોડા સમયથી જ સાસરિયાની તરફથી મેણા-ટોણા અને પિયરમાંથી પૈસા-ઘરેણાં લાવવા માટે દબાણ શરૂ થયું હતું. મહિલાએ જણાવ્યું કે નોકરી શરૂ કર્યા બાદ પણ તેમનો પગાર પતિ પોતાના ખાતામાં ટ્રાન્સફર કરાવતા હતા અને કુલ રૂ. 5 લાખ જેટલી રકમ ઉપાડાઈ. સાથે જ ડીમેટ ખાતામાંથી રૂ. 4,19,382 સાસુએ ટ્રાન્સફર કર્યા હોવાનો દાવો છે. દાગીના અને અન્ય સામાન પણ સાસરિયાં પાસે જ રહેતા હોવાનો આક્ષેપ છે.

ફરિયાદમાં દાંપત્ય જીવનમાં હસ્તક્ષેપ અને માનસિક તણાવથી ગર્ભાવસ્થામાં મિસકેરેજ થયાનો ઉલ્લેખ છે. પતિ દુબઈ ગયા બાદ 2022માં ફરિયાદીને પિયરમાં મૂકવામાં આવી હતી અને પાછા બોલાવવામાં ન આવ્યા હોવાનો દાવો છે.

નવાપુરા પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## વિજાપુરમાં બાળકી સાથે બગીચામાં શંકાસ્પદ હેરાનગી

વિજાપુર શહેરમાં ધોરણ 2માં અભ્યાસ કરતી 8 વર્ષીય બાળકી સાથે સ્કૂલ સંકુલમાં શંકાસ્પદ હેરાનગીની ઘટના સામે આવી છે. ફરિયાદ મુજબ, એક અજાણ્યા યુવકે બે દિવસ દરમિયાન બાળકીને સ્કૂલના પાછળના બગીચામાં લઈ જઈ પર અડપલાં કર્યા અને કોઈને કહેશે તો ધમકી આપ્યાનો આક્ષેપ છે. ઘરે આવી બાળકીએ માતા-પિતાને સમગ્ર માહિતી આપી, જેના પછી પિતાએ સ્કૂલ જઈ શિક્ષિકાને વાત કરી. સ્કૂલનો CCTV ફૂટેજ તપાસાયો, જોકે બનાવનો વિસ્તાર કેમેરાની રેન્જમાં ન હોવાથી ઓળખ પ્રક્રિયા મુશ્કેલ બની. વિદ્યાર્થીઓ અને ITIના છાત્રોને ઓળખ માટે સામે ઉભા કરાયા, પરંતુ બાળકીએ કોઈને ચોક્કસ ઓળખી બતાવી ન શકી.

પછી બાળકીને શરીરમાં દુખાવો થતાં સરકારી હોસ્પિટલમાં સારવાર અપાઈ. પિતાએ અજાણ્યા યુવક વિરુદ્ધ વિજાપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

# આમ્રપાલી બ્રિજની ખામીઓ પર પોસ્ટરથી વિરોધ

રાજકોટમાં આજે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આગમન દરમિયાન શહેરના આમ્રપાલી અંડરબ્રીજ પર લાગેલા પોસ્ટરોએ ખાસ્સી ચર્ચા જગાવી. મુખ્યમંત્રીના રૂટમાં આવતા આ અંડરબ્રીજની દિવાલો પર "સિસ્ટમ નિંદ્રામાં, સુરક્ષા તમારા હાથમાં" અને "તંત્ર સુતુ હોય તો શું... માર્ગ સુરક્ષા આપણે જાતે" જેવા લખાણવાળા પોસ્ટર ચીપકાવાતા નાગરિકોમાં વિવિધ પ્રતિભાવો જોવા મળ્યા.

આમ્રપાલી અંડરબ્રીજનું નિર્માણ થયા બાદ ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા લાંબા સમયથી ઉભી રહી છે. પરંતુ હાલના દિવસોમાં, કમોસમી માવઠા બાદ ફરી દિવાલોમાંથી પાણી નિતરતું જોવા મળતાં માર્ગમાં કીચડ અને પાણીથી સ્લીપરી સ્થિતિ સર્જાતી રહે છે. પરિણામે વાહનો સ્લીપ થતા અને ચાલકોને ઈજા થવા જેવી ઘટનાઓ બનતી હોવા છતાં તંત્ર દ્વારા અસરકારક નિકાલ કે સફાઈની કાર્યવાહી ન થવાની નાગરિકોમાં અસંતોષની લાગણી છે.

મુખ્યમંત્રીના આગમનને લઈ બ્રિજમાં આજુબાજુ મોટી સફાઈ અને વ્યવસ્થાઓની આશા હતી, પરંતુ સમસ્યા યથાવત જોવા મળતા અજાણ્યા વ્યક્તિઓ કે જૂથોએ પોસ્ટર લગાવી તંત્રની નિષ્ક્રિયતા તરફ ઈશારો કર્યો હોવાનું માનવામાં આવે છે. આ પોસ્ટર શહેરના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર પણ વાયરલ થયા છે.

સ્થાનિક નાગરિકોના મતે, અંડરબ્રીજમાં શિયાળામાં પણ પાણી ભરાવું અને કીચડ થવું શહેરની વધતી વસ્તી અને ટ્રાફિકને જોખમમાં મૂકે છે. આજે લગાવાયેલા પોસ્ટરોને લઈને શહેરમાં ચર્ચા છે કે નાગરિકોની વ્યથા તંત્ર સુધી પહોંચાડવાનો આ એક પ્રતિકાત્મક વિરોધ હતો.




## યુવતીની ફરીયાદ બાદ PI સામે છેડછાડનો કેસ નોંધાયો



અમદાદના વેજલપુર પોલીસ સ્ટેશનમાં 19 વર્ષીય યુવતીએ PI બરકતઅલી ચાવડા વિરુદ્ધ છેડછાડની ફરિયાદ નોંધાવી છે. યુવતીએ આક્ષેપ કર્યો છે કે વિશાલા વિસ્તારના એક એપાર્ટમેન્ટની લિફ્ટમાં PI ચાવડાએ તેના ખભા પર હાથ મૂક્યો અને શારીરિક અડપલાં કર્યાં. ફરિયાદ અનુસાર, લિફ્ટ છઠ્ઠા માળે પહોંચતા અન્ય લોકો લિફ્ટમાં પ્રવેશતા PI તાત્કાલિક નીચે ઉતરી ગયા હતા. ઘટનાથી ગભરાયેલી યુવતીએ તરત જ 181 અભયમ હેલ્પલાઇનનો સંપર્ક કર્યો હતો. કાઉન્સેલિંગ બાદ યુવતીને વેજલપુર પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યું, જ્યાં પોલીસએ આક્ષેપોને આધારે ગુનો નોંધ્યો.

PI બરકતઅલી ચાવડા હાલ ગાંધીનગર કંટ્રોલરૂમમાં ફરજ પર છે. અગાઉ PSI તરીકે કચ્છ વિસ્તારમાં ફરજ બજાવતા સમયે પણ તેમના નામે એક ગંભીર સ્વભાવની ફરિયાદ નોંધાઈ હતી, જે બાદમાં સમાધાન પામી ગઈ હતી એવી માહિતી મળી છે. વેજલપુર પોલીસ સ્ટેશનના PI રણજિતસિંહ ચૌહાણે જણાવ્યું કે ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો છે અને કાનૂની પ્રક્રિયા પ્રમાણે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે. ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર વિસ્તારમાં ચર્ચા ફેલાઈ છે અને કેસની તપાસ કેવી દિશામાં આગળ વધશે તેની રાહ જોવામાં આવી રહી છે.

## શિક્ષકોને BLO કાર્યમાંથી મુક્તિ માટે એનએસયુઆઈનું આંદોલન

રાજકોટના કોટેચા ચોક ખાતે આજે એનએસયુઆઈ દ્વારા શિક્ષકોને મતદાર યાદી સુધારણા કામગીરીમાંથી કાયમી મુક્તિ આપવા માટે ઉગ્ર વિરોધ આંદોલન કરવામાં આવ્યું. એનએસયુઆઈનું કહેવું છે કે એસઆઈઆર જેવી ચૂંટણીલક્ષી કામગીરી શિક્ષકોને સોંપાતા તેમના પર વધારાનો બોજ વધી રહ્યો છે, જેના કારણે શાળાઓમાં શિક્ષણ કાર્ય ખલેલ પામે છે અને વિદ્યાર્થીઓના ભવિષ્ય પર સીધી અસર પડી રહી છે. આ વિરોધ દરમિયાન રસ્તા રોકો આંદોલન થતાં વાહનવ્યવહાર થોડીવાર માટે ઠપ્પ થયો હતો.

આંદોલન દરમિયાન એનએસયુઆઈના પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકી બેભાન થઈ પડ્યા હતા, જ્યારે અન્ય 15 કાર્યકરોને પોલીસ દ્વારા સ્થળેથી દૂર કરાયા હતા. એનએસયુઆઈએ જણાવેલી ગંભીર બાબતોમાં કોડીનારના પ્રાથમિક શિક્ષક અરવિંદ વાઘેર સહિત રાજ્યના ત્રણ શિક્ષકોના માનસિક તણાવ અને વધારાની કામગીરીના બોજને કારણે થયેલા મોતનો ઉલ્લેખ કરવામાં આવ્યો. સંસ્થા પ્રમાણે, આ ઘટનાઓ શિક્ષણ નીતિઓ અને સરકારના નિર્ણયોને લઈને ગંભીર સવાલો ઉભા કરે છે. એનએસયુઆઈએ શિક્ષકોને BLO કામગીરીમાંથી કાયમી મુક્તિ, પીડિત પરિવારને રૂ.1 કરોડની સહાય અને અન્ય કેડરના કર્મચારીઓને આવી કામગીરી માટે નિયુક્તિની માંગણી કરી છે. સંસ્થાએ ચેતવણી આપી છે કે જો સરકાર દ્વારા યોગ્ય પગલાં નહીં લેવાય, તો રાજ્યવ્યાપી આક્રમક આંદોલન શરૂ કરવામાં આવશે.



## સુરતમાં ડોક્ટરના આપઘાત કેસમાં નવા ખુલાસા

સુરતના સરથાણામાં 9મા માળેથી કૂદી ફિઝિયોથેરાપી ડોક્ટર રાધિકાના આપઘાત મામલે તપાસમાં નવા વિગતો બહાર આવી છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ મુજબ રાધિકાએ કૂદકો મારતા પહેલાં અનાજમાં વપરાતી ઝેરી ટીકડીઓ સેવન કરી હતી, જેના આધારે વિસેરા તપાસ શરૂ થઈ છે. CCTV ફૂટેજમાં પણ કાફે પહોંચ્યા બાદ તે બે મિનિટમાં ટીકડીઓ ખાતા જોવા મળે છે. ત્યાર થોડા સમય પછી તેણે આપઘાત કર્યો હતો. તપાસમાં મંગેતર સાથે તણાવ દર્શાવતા વ્હોટ્સએપ મેસેજ પણ સામે આવ્યા છે. પોલીસે મોબાઇલ, કાફે ડીવીઆર કબજે કરી વધુ તપાસ આગળ ધપાવી છે.

## એરપોર્ટ ગોલ્ડ દાણચોરી સિન્ડિકેટનો DRI પર્દાફાશ

અમદાવાદ એરપોર્ટ પર 14 નવેમ્બરે 1.62 કરોડનું સોનું ઝડપાયા બાદ DRIની તપાસમાં ગોલ્ડ દાણચોરીની સક્રિય સિન્ડિકેટ સામે આવી છે. તપાસમાં કાફે સંચાલક તેમજ એરપોર્ટ સુરક્ષાના બે અધિકારીઓની સંડોવણી બહાર આવતા ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. DRI અનુસાર સિન્ડિકેટે બે મહિનામાં આશરે 16 કરોડ રૂપિયાનું સોનું દાણચોરીથી લાવ્યું હતું. કોર્ટમાં રજૂ કર્યા બાદ ત્રણેય આરોપીઓને ત્રણ દિવસના રિમાન્ડ પર સોંપાયા છે, જ્યારે પકડાયેલા મુસાફર અબ્દુલ નાશીર હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.

## અમિત શાહે મુલાકાતથી બુક ફેસ્ટિવલમાં ઉમંગ

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ચાલી રહેલા 'અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-2025'ની કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે મુલાકાત લીધી. તેમણે સ્ટોલ્સની મુલાકાત લઇ બાળકો સાથે સંવાદ કર્યો અને વાંચન પ્રત્યે પ્રોત્સાહિત કર્યા. સિગ્નેચર વોલ પર "કોમનવેલ્થ દેશોના ખેલાડીઓ માટે અમદાવાદ તૈયાર છે, સુસ્વાગતમ" લખીને શહેરની તૈયારીઓને બિરદાવી. સ્થળે હાજર લોકોએ 'અમિત કાકા'ના નાદ સાથે તેમને અભિવાદન કર્યું. 11 દિવસીય આ ફેસ્ટિવલ 23 નવેમ્બર સુધી દરરોજ નિ:શુલ્ક પ્રવેશ સાથે ખુલ્લો છે.

## શહેરના વોટર સેન્ટરોમાં સુરક્ષાની ગંભીર ઉણપ બહાર

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામાન્ય સભામાં વિપક્ષના નેતા શહેઝાદ ખાન પઠાણે વોટર ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરોની સુરક્ષા અંગે સવાલ ઉઠાવતા શહેરના વિવિધ સેન્ટરોમાં ચકાસણી કરવામાં આવી. ગુજરાત ATS દ્વારા પકડાયેલા આતંકીઓ પાસેથી મળેલા રાઇઝિન કેમિકલના જોખમને ધ્યાનમાં લેતા પાણી પુરવઠા કેન્દ્રોની સુરક્ષા વ્યવસ્થા કેટલી જરૂરી છે તે બાબત વધુ સ્પષ્ટ બને છે. પરંતુ રિયાલિટી ચેકમાં સુરક્ષા સંબંધિત ગંભીર ખામીઓ સામે આવી છે. લાલ દરવાજા, જમાલપુર, અસારવા, સરસપુર, રખિયાલ, ઓઢવ અને પ્રહલાદનગર સહિતના વિસ્તારોના વોટર સેન્ટરોમાં એકપણ સુરક્ષા ગાર્ડ હાજર નહોતો. ઘણી જગ્યાએ ગેટ ખુલ્લા હોવા છતાં અંદર અવરજવર પર કોઈ નિયંત્રણ ન હતું. કેટલાક સેન્ટરોમાં લોકો અને વાહનો સહેલાઈથી અંદર પ્રવેશતા જોવા મળ્યા. CCTV કેમેરા મોટાભાગે બંધ, ધૂળ ભરાયેલા અથવા ન કાર્યરત સ્થિતિમાં જોવા મળ્યા. ઘણા સેન્ટરોમાં માત્ર એક પંપ ઓપરેટર હાજર હોવાની માહિતી મળી, તે પણ દરેક સમયે હાજર રહે તે જરૂરી નહોતું. રખિયાલ અને સરસપુરના સેન્ટરોમાં ગેટ લોક હતા પરંતુ દેખરેખ ન હોવાને કારણે સુરક્ષા અમલમાં નહોતી. અસારવા અને ઓઢવમાં ગેટ ખુલ્લા મળ્યા, આસપાસ કોઈ જોઈ શકે એવું પણ ન હતું. આ પરિસ્થિતિમાં પાણી પુરવઠા સાથે ચેડાં અથવા અન્ય અણધારી ઘટનાનો જોખમ વધી જાય છે, જે નગરજનો માટે ગંભીર ચિંતા ઉભી કરે છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## કાલાવડ રોડના દરબારમાં મહારાજના આકર્ષક રાજસી દર્શન

કાલાવડ રોડના સોનેરી કોતરણીવાળા દરબારમાં આજે મહારાજના રાજસી દર્શન થયા. કેસરી અને આસમાની વસ્ત્રો, મોરપીંછ સાફા અને ગદાધાન સાથે મહારાજનું અલંકારિક સ્વરૂપ ભક્તોને મંત્રમુગ્ધ કરી રહ્યું છે. નેવી બ્લુ પીછવાઈ દર્શનને વધુ દિવ્ય બનાવી રહી છે.



## રાજકોટમાં મતદાર સુધારણા કેમ્પે આજે જાગૃત નાગરિકોની ભારે ભીડ નોંધાવી

રાજકોટના નાનામૌવા રોડ પર આવેલી વિનોબા ભાવે સ્કૂલ ખાતે આજ રોજ યોજાયેલા મતદાર યાદી સુધારણા માટેના વિશેષ એન્યુમરેશન કેમ્પમાં શહેરવાસીઓની ભારે ભીડ જોવા મળી. સરકાર દ્વારા "ફોર્મ સમયસર જમા નહીં થાય તો નામ મતદાર યાદીમાંથી દૂર થઈ શકે" તેવી અપીલ કરવામાં આવતા નાગરિકોમાં ચિંતાનો માહોલ સર્જાયો હતો. આ અપીલને ગંભીરતાથી લઇને નાગરિકોએ BLO ની રાહ જોયા વિના સ્વયં કેમ્પ સુધી પહોંચી પોતાના ફોર્મ જમા કર્યા. સવારે ૯ વાગ્યે કેમ્પ શરૂ થતાની સાથે જ સ્કૂલના પ્રાંગણમાં લાંબી કતારો લાગી ગઈ હતી. યુવાનો, મહિલાઓ અને વયોવૃદ્ધ નાગરિકોએ નિયમિત રીતે લાઇનમાં ઉભા રહી લોકશાહી પ્રત્યેની તેમની જવાબદારીનું પ્રદર્શિત કર્યું. આ ઉમટી દર્શાવે છે કે મતાધિકાર પ્રત્યેની જાગૃતિ છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર રીતે વધી છે.



કેમ્પને સફળ બનાવવા વોર્ડ પ્રમુખ હિરેનભાઈ મુગલપરા, રાજુભાઈ સાવલિયા, હાર્દિક ચંદારાણા તેમજ શાળાના શિક્ષકગણનો વિશેષ સહયોગ મળ્યો હતો. વ્યવસ્થિત માર્ગદર્શન, ફોર્મ ચકાસણી અને નાગરિકોને યોગ્ય મદદથી સમગ્ર પ્રકિયા સરળ અને ઝડપી બની. નાગરિકોને યાદ અપાવવામાં આવે છે કે આવતીકાલ, ૨૩ નવેમ્બર ૨૦૨૫, આ વિશેષ કેમ્પનો છેલ્લો દિવસ છે. જે નાગરિકોએ હજી સુધી ફોર્મ જમા નથી કરાવ્યાં, તેમણે સવારે ૯ થી બપોરે ૧ વચ્ચે વિનોબા ભાવે સ્કૂલ ખાતે અવશ્ય હાજર રહેવું.

## સાવલી પોલીસે ચાર વર્ષથી ફરાર આરોપી પકડી

વડોદરા ગ્રામ્યના સાવલી વિસ્તારમાં "ઓપરેશન પરાક્રમ" હેઠળ ચાર વર્ષથી પ્રોહિબિશન કેસમાં ફરાર ચાલતા આરોપીને આખરે ઝડપી પાડવામાં સફળતા મળી છે. વિભાગીય માર્ગદર્શન બાદ તાજેતરમાં હાથ ધરાયેલી વિશેષ કાર્યવાહી દરમિયાન સાવલી ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે વર્ષ 2021ના પ્રોહિબિશન ગુનામાં વોન્ટેડ બાબુભાઈ વરસિંગભાઈ બિલવાલ હાલ પોતાના વતન કણજેર ગામે હાજર છે.

મળેલી માહિતીના આધારે ટીમ તાત્કાલિક દાહોદ જિલ્લાના કણજેર ગામે પહોંચી હતી. તપાસ દરમિયાન બાબુભાઈને તેના ઘરમાં જ હાજર પકડવામાં આવ્યો હતો. લાંબા સમયથી કાયદાની કાર્યવાહીથી બચી રહેલા આ આરોપીની ધરપકડ થવાથી જૂના કેસની આગળની તપાસને ગતિ મળશે.

આ સમગ્ર ઓપરેશનમાં ટીમે સંગઠિત રીતે કાર્યવાહી કરી હતી. ખાસ કરીને પો.ઇન્સ્પેક્ટર કે.જે. ચૌહાણ અને પો.સ.ઇ. વી.એ. પરમાર સહિતના સ્ટાફના સભ્યોની સતત મહેનતથી આ સફળતા મળી છે. સ્થાનિક સ્તરે આ કાર્યવાહીનું સ્વાગત કરવામાં આવ્યું છે, કારણ કે લાંબા સમય પછી ફરાર આરોપીને પકડી પાડતા ન્યાય પ્રક્રિયામાં મહત્વપૂર્ણ પ્રગતિ થઇ છે.




## કાજીપુરામાં દાદા કષ્ટભંજનદેવ ધામનો ભવ્ય શાકોત્સવ

નળ કાંઠા વિસ્તારમાં કાજીપુરા સ્થિત દાદા કષ્ટભંજનદેવ ધામ ખાતે શાકોત્સવનું ભવ્ય આયોજન થયું, જેમાં કાજીપુરા સહિત સમગ્ર નળપ્રદેશના હરિભક્તોની વિશાળ હાજરી જોવા મળી. પ્રભાતે મંગળારતી સાથે કાર્યક્રમનો આરંભ થયો અને સંતોના સાનિધ્યમાં વિધિ-વિધાનપૂર્વક શાકોત્સવ શરૂ થયો. વિવિધ શાકોથી સજાવટ કરાયેલા આશ્રમપ્રાંગણમાં ભક્તિમય વાતાવરણ છવાઇ ગયો. દાદાના દર્શન માટે લાંબી કતારો હોવા છતાં ભક્તોમાં અદભૂત ઉત્સાહ જળવાયો.

કીર્તન-ભજન, સત્સંગ અને સંતોના આશીર્વચનોથી ભાવવાહી વાતાવરણ સર્જાયું. સેવકો દ્વારા સેવાકાર્યો, સંકલન અને વ્યવસ્થા પ્રશંસનીય રહી અને સર્વજ્ઞાતિ સમભાવનું પ્રતિબિમ્બ જોવા મળ્યું. અંતે દિવ્ય આરતી સાથે શાકોત્સવનું સમાપન થયું. હાજર હરિભક્તોએ આશ્રમ ટ્રસ્ટ, સંતો અને સેવકોના ઉત્તમ આયોજનને બિરદાવ્યું.

**અહેવાલ – પંચાલ ધાર્મિક**



## ગોંડલ માનવ સેવા ટ્રસ્ટે મંદબુદ્ધિ આશ્રમ બાળકો માટે શો યોજ્યો

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા આજે જેતપુરના એ.એમ. મંદબુદ્ધિ આશ્રમના બાળકો માટે અનોખું અને હૃદયસ્પર્શી આયોજન કરવામાં આવ્યું. આશ્રમના બાળકોને ગોંડલના પ્રસિદ્ધ મંગલ જાદુગરનો લાઈવ જાદુઈ શો બતાવવામાં આવ્યો, જે તેમના માટે ઉત્સાહ અને આનંદથી ભરેલો અનુભવ રહ્યો. દાતાશ્રી યુવરાજ મંગલ દ્વારા બાળકો માટે ખાસ વાહનની વ્યવસ્થા તેમજ આરામદાયક બેસવાની સુવિધા પૂરી પાડવામાં આવી હતી.

જાદુગર મંગલે અનેક રસપ્રદ તથા મનોરંજક જાદુઈ પ્રદર્શનોથી બાળકોના ચહેરા પર હાસ્ય અને આશ્ચર્યના અભિવ્યક્તિઓ સર્જી દીધી. બાળકોને મનોરંજન સાથે ચાઈનીઝ ભેળનીનો નાસ્તો પણ પીરસવામાં આવ્યો. સમગ્ર આયોજન બાળકોને આનંદમય દિવસ ભેટ આપવાની દિશામાં સફળ રહ્યું.

આ કાર્યક્રમની પાછળ ટ્રસ્ટના પ્રમુખ બંટીભાઈ ભુરુ તથા ટ્રસ્ટી મંડળના સભ્યો—રવિભાઈ પરસાણા, જયેન્દ્રસિંહ ડાભી, નંદાભાઈ ભેસાણીયા (ગેરેજવાળા), ભરતસિંહ ડાભી, હકાભાઈ, કૈલાશબા પરમાર, એકતાબેન ધરજીયા, જાગૃતિબેન માલવિયા, ચંદ્રીકાબેન બગડા, રિધ્ધિબેન ડાભી—ની મહેનત અને સેવા ભાવના રહેલી હતી. તમામ સભ્યોએ બાળકોની ખુશી માટે કોઈ કમી ન રહે તે માટે વિશેષ પ્રયત્નો કર્યા. કાર્યક્રમ પછી બાળકોના ચહેરા પર દેખાતું સંતોષભર્યું સ્મિત ટ્રસ્ટની માનવ સેવા ભાવનાને પ્રતિબિંબિત કરતું હતું. આ આયોજન સ્થાનિક સમાજમાં માનવતા અને સેવા કાર્ય તરફ સકારાત્મક સંદેશ આપે છે.

**ગોંડલ માનવ સેવા ટ્રસ્ટે જેતપુર મંદબુદ્ધિ આશ્રમના બાળકો માટે મંગલ જાદુગરનો વિશેષ શો યોજી મનોરંજન અને નાસ્તાની વ્યવસ્થા કરી.**




## વડોદરા ગ્રામ્યમાં 100 કલાકની સ્પેશ્યલ કોમ્બીંગ ડ્રાઇવ પૂર્ણ

વડોદરા ગ્રામ્ય જિલ્લાના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ અને અન્ય ટીમોની સંકલિત કામગીરીથી 100 કલાકની વિશેષ કોમ્બીંગ ડ્રાઇવ સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. છેલ્લા 30 વર્ષ દરમિયાન હથિયાર, એન.ડી.પી.એસ., એક્સપ્લોઝીવ, બનાવટી ચલણી નોટો, ટાડા-પોટા-મકોકા-યુએપીએ તેમજ પેટ્રોલિયમ એક્ટ જેવા ગંભીર કાયદાઓ હેઠળ પકડાયેલા આરોપીઓની તપાસ આ ખાસ અભિયાનનો મુખ્ય હેતુ હતો. ડ્રાઇવની શરૂઆતમાં 550થી વધુ આરોપીઓની યાદી તૈયાર કરવામાં આવી. ત્યારબાદ ટીમોએ વિવિધ વિસ્તારોમાં મેદાની તપાસ હાથ ધરી અને 200થી વધુ આરોપીઓને ટ્રેસ કરીને વેરિફાય કર્યા. તેમની હાલની પ્રવૃત્તિઓ, મિલકતો, પરિવાર, મિત્રો અને સંપર્કોની વિગતો એકત્રિત કરી 150થી વધુ નવા ડોઝીયર તૈયાર કરવામાં આવ્યા. જણાયું કે યાદીમાં દર્શાવાયેલા 30થી વધુ લોકો હવે જીવિત નથી અને તેમના મૃત્યુના પુરાવા ડ્રાઇવ દરમ્યાન જ એકત્રિત કરાયા. બે આરોપીઓ હાલ જેલમાં હોવાનું સામે આવ્યું, જેમની જેલ પ્રવૃત્તિઓ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

કોમ્બીંગ દરમિયાન જાહેરનામા ભંગના 13 કેસ નોંધાયા, જેમાં CCTV જાહેરનામા ભંગના 6, ભાડુઆતના 5, સિક્યુરિટી ગાર્ડ અને મજૂર જાહેરનામાના એક-એક કેસ સામેલ છે. એમ.વી. એક્ટ હેઠળ કુલ 94 વાહનો ડિટેઇન કરવામાં આવ્યા.

100 કલાકની આ વિશાળ કામગીરીના પરિણામે જૂના કેસોની સમીક્ષા, આરોપીઓની ચાલ-ચલન અને કાયદાકીય વ્યવસ્થાના અમલ અંગે મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. જિલ્લા સ્તરે આ ડ્રાઇવને મહત્વપૂર્ણ અને અસરકારક ગણવામાં આવી રહી છે.




**વડોદરા ગ્રામ્યમાં 100 કલાકની કોમ્બીંગ ડ્રાઇવમાં 550 આરોપીઓ શોધાયા, 150 ડોઝીયર તૈયાર કર્યા અને અનેક વિગતો ચકાસાઈ.**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## પાલિતાણામાં જાહેર રસ્તા પરના અનધિકૃત મંડપ પર કડક કાર્યવાહી

પાલિતાણામાં જાહેર રોડ પર મંજૂરી વગર કમાનો અને મંડપ ઊભાં કરી ટ્રાફિકમાં અવરોધ સર્જાતા નગરપાલિકાએ સખ્ત પગલાં લીધાં છે. તળેટી રોડ પર આવેલી કસ્તુરધામ જૈન ધર્મશાળા અને ગજભવર જૈન ધર્મશાળાએ માર્ગ પર માળખાં બનાવ્યા હતા, જેના કારણે યાત્રાળુઓ અને વાહનચાલકોને મુશ્કેલી પડી રહી હતી.

મામલો ધ્યાનમાં આવ્યા બાદ ચીફ ઓફિસર આર.પી. સોલંકીએ તરત જ કાર્યવાહી કરી હતી. નગરપાલિકાએ બંને સંસ્થાઓના ડ્રેનેજ કનેક્શન કાપી નાખ્યાં અને જાહેર માર્ગ પર દબાણ કરવા બદલ એક-એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ પગલાં બાદ વિસ્તારમાં ચર્ચાનો માહોલ જોવા મળ્યો છે. સ્થાનિકોમાં ટ્રાફિક અવરોધ દૂર થવાની રાહત alongside અનધિકૃત માળખાં સામે વધુ સખત દેખરેખની માંગ ઉઠી રહી છે.

**રિપોર્ટ: જીશાન ખૂંટ**

## અમરેલી: નાજાપુર બસ સ્ટેન્ડે પાયાની સુવિધાઓ માટે રજૂઆત

ગ્રામીણ પરિવહનની જીવાદોરી સમાન એસ.ટી. બસ સ્ટેન્ડની દુર્દશા અને તેના સુધારા માટે જાગૃત નાગરિકોના પ્રયાસની. અમરેલી જિલ્લાના નાજાપુર ગામનું બસ સ્ટેન્ડ, જે હજારો મુસાફરો માટે આવન-જાવનનું કેન્દ્ર છે, ત્યાં પાયાની સુવિધાઓના અભાવે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. જોકે, આ સમસ્યાના નિરાકરણ માટે હવે ગામના જાગૃત અને યુવા અગ્રણી કૌશિક પાનસુરિયા આગળ આવ્યા છે અને તંત્રના દરવાજા ખખડાવ્યા છે.

વિગતવાર વાત કરીએ તો, કૌશિક પાનસુરિયાએ તાજેતરમાં યોજાયેલા 'તાલુકા સ્વાગત કાર્યક્રમ'માં પહોંચીને નાજાપુર બસ સ્ટેન્ડની કાયાપલટ કરવા માટે સત્તાવાર રજૂઆત કરી છે. તેમની રજૂઆત માત્ર ફરિયાદ નથી, પરંતુ એક જરૂરી માંગ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું છે કે બસ સ્ટેન્ડ પર મુસાફરો, ખાસ કરીને વૃદ્ધો અને વિદ્યાર્થીઓ જ્યારે બસની રાહ જોઈને ઉભા હોય ત્યારે તેમને ગરમીમાં શેકાવું ન પડે તે માટે પંખાની વ્યવસ્થા હોવી અનિવાર્ય છે. આ ઉપરાંત, રાત્રિના સમયે મુસાફરોની સુરક્ષા જોખમાય નહીં તે માટે પર્યાપ્ત લાઈટિંગ અને મુસાફરોની તરસ છીપાવવા માટે પીવાના શુદ્ધ પાણીની સુવિધા તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરાવવી જોઈએ.ગામના એક યુવાન દ્વારા લોકહિત અને જનસુખાકારી માટે કરવામાં આવેલી આ પહેલને નાજાપુરના ગ્રામજનોએ આવકારી છે. સ્થાનિકોનું કહેવું છે કે બસ સ્ટેન્ડનું આધુનિકીકરણ થવાથી ગામની શોભા તો વધશે જ, પરંતુ સાથે સાથે મુસાફરી પણ સુખદ બનશે. સ્વાગત કાર્યક્રમમાં થયેલી આ રજૂઆત બાદ હવે ગ્રામજનોને આશા છે કે સંબંધિત વિભાગ અને વહીવટી તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગશે અને સત્વરે આ વાજબી માંગણીઓને સંતોષશે.

**અહેવાલ : મનિષ રામાણી**



**નાજાપુર બસ સ્ટેન્ડે પાયાની સુવિધાઓ માટે યુવા અગ્રણીની રજૂઆત**

## કોડીનાર કલા મહોત્સવમાં વિદ્યાર્થીઓની પ્રતિભાનો તેજ




વિકસિત ગુજરાત–2047 અંતર્ગત કોડીનારના શ્રી ભ.ભા. વિદ્યાલયમાં કલા મહોત્સવનું ઉત્સાહી અને સર્જનાત્મક આયોજન થયું. QDC કક્ષાની કોડીનાર તાલુકાની વિવિધ શાળાઓએ ભાગ લેતા ચિત્ર, ગાયન, વાદન અને બાળકવિ જેવી વિવિધ સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભાનું પ્રભાવશાળી પ્રદર્શન કર્યું. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓની કલાપ્રતિભાવથી જીવંત બની રહ્યો.

ચિત્ર સ્પર્ધામાં માધ્યમિક વર્ગમાં વાઝા ઉપાસનાએ પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે ઉચ્ચતર માધ્યમિકમાં ગોસ્વામી મનસ્વીએ શ્રેષ્ઠતા દર્શાવી. વાદન સ્પર્ધામાં સોલંકી દેવાંગ (માધ્યમિક) અને પરમાર ઉદય (ઉચ્ચતર) પ્રથમ ક્રમે રહ્યા. ગાયન સ્પર્ધામાં વેદાંશી વાઢેળ (માધ્યમિક) અને રાઠોડ કોમલ (ઉચ્ચતર) વિજેતા બન્યા. બાળકવિ સ્પર્ધામાં સોલંકી સોહમ (માધ્યમિક) અને સોલંકી ભક્તિ (ઉચ્ચતર)એ પોતાની રચનાત્મકતા વડે પ્રથમ સ્થાન મેળવ્યું. વિજેતાઓને શાળાના આચાર્ય દાહીમાં હરીસિંહ સાહેબે અભિનંદન પાઠવ્યા અને રોકડ પુરસ્કારો આપી પ્રોત્સાહિત કર્યા. જાદવ વિપુલાબેન, સંજય ગોઢાણીયા, વાઢેર દેવીબેન, ચૌહાણ ભૂમિકાબેન તથા વિદ્યાલયના શિક્ષકમંડળે નિર્ણાયક તરીકે યોગ્ય મૂલ્યાંકન કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવસિંહ ગોહિલે કર્યું હતું, જ્યારે આયોજન અંકિતાબેન જાદવે સંભાળીને કલા મહોત્સવને સફળતા અપાવી.

**રિપોર્ટર : હર્ષ ભરડા, કેશોદ**

## ધ્રાબાવડમાં સિંહના હુમલાથી ગાયનું મોત, ત્રણ પશુ ઈજાગ્રસ્ત

માળીયા હાટીના તાલુકાના ધ્રાબાવડ ગામમાં સિંહના હુમલાની ઘટનાએ સ્થાનિકોમાં ચિંતા પેદા કરી છે. હુમલામાં એક ગાયનું મોત થયું જ્યારે ત્રણ અન્ય પશુઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ગામના એક પશુપ્રેમીએ તાત્કાલિક ગુજરાત સરકારની 1962 (MVD) ઈએમઆરઆઈ ગ્રીન હેલ્થ સર્વિસનો સંપર્ક કર્યો હતો.

માહિતી મળતાં ગળુ ગામથી MVD મોબાઈલ પશુ દવાખાનું ઘટનાસ્થળે પહોંચી ગયું. ટીમમાં ડો. રવિ મોરી (પાયલોટ કમ ડ્રેસર) અને કલ્પેશ ગીરી જોડાયા હતા. ત્રણેય ઈજાગ્રસ્ત પશુઓને તાત્કાલિક સારવાર, દવા અને ઇન્ઝેક્શન આપવામાં આવ્યા હતા. એક ગંભીર ઇજાગ્રસ્ત પશુને વિશેષ સંભાળ માટે દ્વારકાધીશ ગૌશાળામાં ખસેડવામાં આવ્યો, જ્યાં પશુપ્રેમી અને ગૌશાળાના સેવકો તેની સારવાર કરી રહ્યા છે. જિલ્લા પ્રોગ્રામ મેનેજર ડો. પ્રગનેશ સોચા અને પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર સુફિયાનસર દ્વારા ટીમની ઝડપભરી કામગીરીની પ્રશંસા કરવામાં આવી હતી. સાથે જ આવા સમય પર 1962 પર સંપર્ક કરીને સેવા મેળવવાની વિનંતી પણ કરવામાં આવી હતી. MVD ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા અત્યાર સુધી અનેક ઈજાગ્રસ્ત પશુઓને સારવાર અને જીવનદાન મળ્યું છે.

**રિપોર્ટર : હર્ષ ભરડા, કેશોદ**



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## જનનીધામ નારી સંરક્ષણ ગૃહમાંથી બાંગ્લાદેશી મહિલા ફરાર

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના આંબોલી ખાતે આવેલા જનનીધામ નારી સંરક્ષણ ગૃહમાંથી 35 વર્ષીય બાંગ્લાદેશી મહિલા નજમાબેગમ મોહમદ ઇમાનઅલી ફરાર થઈ ગઈ છે. સીસીટીવીમાં દેખાતા દ્રશ્યો મુજબ તે ટેરેસ પરથી પાઈપના સહારે નીચે ઉતરી સુરક્ષા દીવાલ કૂદીને બહાર નીકળી ગઈ હતી. ઘટનાની માહિતી મળતા સંસ્થા દ્વારા જાણ કરવામાં આવતા મામલો નોંધાયો હતો. મહિલાની શોધ માટે અલગ-અલગ ટીમો કાર્યરત છે અને સુરત તથા વરાછા વિસ્તારોમાં તેની સંભવિત હાજરીને આધારે તપાસ આગળ વધી રહી છે.

## બારડોલીમાં બેફામ બસ લારીઓને ટક્કર મારતી કેદ

સુરત જિલ્લાના બારડોલી ખાતે ધૂલીયા ચોકડી નજીક એક ખાનગી લક્ઝરી બસે બેફામ ઝડપમાં અનેક લારીઓ અને એક ક્રેનને ટક્કર મારી હતી. સીસીટીવી ફૂટેજમાં બસ પરિશ્રમ પાર્ક નજીક રસ્તા કિનારે સૂકા મેવાનું વેચાણ કરતી લારીઓને અડફેટે લેતી દેખાઈ છે. આ ઘટનામાં એક મહિલાને ઈજા થઈ હતી અને માલસામાનનું નુકસાન થયું હતું. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ બસ ડ્રાઈવરાને રોકી દીધો હતો. પ્રાથમિક માહિતી મુજબ ડ્રાઈવર નશાની સ્થિતિમાં હોવાની ચર્ચા છે. 112 ટીમ સ્થળે પહોંચી આગળની પ્રક્રિયા શરૂ કરી હતી.

## કાપોદ્રામાં બે અલગ ગંભીર કેસોમાં ફરિયાદ નોંધાઈ

સુરત શહેરના કાપોદ્રા વિસ્તારમાં બે અલગ ગંભીર ઘટનાઓમાં ફરિયાદો નોંધાઈ છે. પ્રથમ કિસ્સામાં, યુવતીનો પીછો કરીને સંબંધ માટે દબાણ કર્યા અને બદનામી થાય તેવું લખાણ મોકલનાર ધવલ મેરજા સામે ત્રાસની ફરિયાદ દાખલ થઈ છે. યુવતીના વિરોધ છતાં તેનો હેરાનગતિભર્યો વલણ ચાલુ રહેતા અંતે મામલો નોંધાયો.

બીજા કિસ્સામાં, લગ્નિત મહિલાએ મિત્ર ગૌતમ વાઘેલા સામે પાંચ વર્ષ સુધી બ્લેકમેઈલ કરીને શારીરિક શોષણ કર્યાનો ગંભીર આક્ષેપ કર્યો છે. મામલો ખુલતા ફરિયાદ નોંધાઈ છે અને આગળની પ્રક્રિયા શરૂ થઈ છે.

## વિદ્યાર્થીઓમાં બાંધણી કળા જાગૃત કરતી સર્જનાત્મક પ્રવૃત્તિ

ભારતીય વિદ્યા ભવન્સ જી.આઈ.પી.સી.એલ. એકેડમી, નાની નરોલીમાં ધોરણ 7ના વિદ્યાર્થીઓ માટે ટાઈ એન્ડ ડાઈ હસ્તકલા પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું. NEPના અનુભવનિષ્ઠ શિક્ષણને અનુરૂપ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પરંપરાગત 'બાંધણી' કળાનો પ્રયોગાત્મક પરિચય મળ્યો. શિક્ષકોએ કપડાં વાળવાની અને બાંધવાની વિવિધ રીતો સમજાવી, બાદમાં વિદ્યાર્થીઓએ સફેદ કોટન ઓઢણીઓ તેજસ્વી રંગોમાં રંગી સર્જનાત્મક ડિઝાઈન બનાવવી શીખી. કપડાં સુકાયા પછી ઉત્પન્ન થયેલી અનોખી ડિઝાઈન જોઈ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ છલકાયો. કુલ 67 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

## સાયણની ફેક્ટરીમાં લિફ્ટ તૂટતાં બે કામદારોનાં મોત

સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સાયણ GIDC વિસ્તારમાં આવેલી અક્ષરદીપ ઇન્ડસ્ટ્રીઝમાં લિફ્ટ તૂટી પડતાં બે પરપ્રાંતીય કામદારોનું દુખદ મોત થયું છે. પ્રાથમિક માહિતી મુજબ, રિકી મહંતો અને કિશન નામના બંને યુવા કામદારો માલસામાન ઉતારી રહ્યા હતા ત્યારે લિફ્ટ અચાનક ઊંચાઈથી તૂટી નીચે પડતાં ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘટના એટલી ગંભીર હતી કે બંનેનું સ્થળ પર જ મૃત્યુ થયું. પછી તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં મૃત જાહેર કર્યા. ઘટનાથી ફેક્ટરી વિસ્તારમાં શોક ફેલાયો છે. અકસ્માત કેવી રીતે બન્યો અને લિફ્ટની સ્થિતિ શું હતી એની વિગતો જાણવા વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

## સંબંધ તૂટતા મહિલાના ખાનગી ફોટા વાઇરલ કરવાની ઘટના ચકચારમાં

વડોદરાની 37 વર્ષીય વિધવા મહિલા અને અમદાવાદના 35 વર્ષીય ઉત્તમ જૈન વચ્ચે સોશિયલ મીડિયા મારફતે બનેલો સંબંધ તૂટી જતા મામલો ગંભીર બન્યો છે. મહિલાની દીકરી સાથે અમદાવાદમાં રહેઠાણ દરમિયાન બંને વચ્ચે મિત્રતા વધીને પ્રેમસંબંધ બંધાયો હતો. પરંતુ મહિલાએ યુવકને યોગ્ય ન માનતાં લગ્નનો પ્રસ્તાવ નકારી દીધો હતો. આ નિર્ણય બાદ યુવકે મહિલાના આપત્તિજનક ફોટા સોશિયલ મીડિયા પર વાઇરલ કર્યા તથા તેના પરિવારજનોને મોકલ્યા હોવાનો આક્ષેપ થયો છે.ફોટા સામે આવતા મહિલાએ નવાપુરા વિસ્તારમાં ફરિયાદ નોંધાવી હતી. મહિલાનાં પતિનું અવસાન થઈ ચૂક્યું છે અને દીકરી અભ્યાસ કરી રહી છે. આરોપી ઉત્તમ જૈન મૂળ રાજસ્થાનનો છે અને ઇલેક્ટ્રિશિયનનું કામ કરે છે. ફરિયાદ બાદ સંબંધિત વિભાગે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

# પાટોદ ગામે ફાર્મ હાઉસમાં ચપ્પાની અણીએ લૂંટચોરી

પાદરા તાલુકાના પાટોદ ગામે આવેલ સમીરમ ફાર્મ હાઉસમાં મોડી રાત્રે બની આવેલી લૂંટચોરીએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે. માહિતી મુજબ, લગભગ 8 થી 10 અજાણ્યા શખ્સોએ પાટિયાની દિવાલ તોડી ફાર્મ હાઉસમાં પ્રવેશ કર્યો હતો. તે સમયે ત્યાં હાજર રહેલા ચાર રખેવાળોને શખ્સોએ મારપીટ કરીને એક રૂમમાં બંધ કરી દીધા હતા. ચપ્પાની અણીએ તેમને ધમકાવી સોનાના દાગીના, રોકડ અને અન્ય કિંમતી વસ્તુઓ લૂંટી લેવાઈ હતી. આખી કાર્યવાહી અત્યંત આયોજનબદ્ધ રીતે અંજામ અપાઈ હોવાનું પ્રાથમિક જાણકારી સૂચવે છે.

ઘટનાની ખબર પડતા જ સંબંધિત ટીમો સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. ઈજા પામેલા ચારેય રખેવાળોને તાત્કાલિક સારવાર અપાઈ છે અને તેમની પાસેથી મહત્વની માહિતી મેળવાઈ રહી છે. આસપાસના સીસીટીવી ફૂટેજમાં મોઢું ઢાંકી ફરતા શખ્સોના જૂથના




દૃશ્યો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે, જેના આધારે ઓળખ અને આગળની કાર્યવાહી માટે તંત્ર કાર્યરત છે.

પાદરા તાલુકામાં એક મહિનામાં લૂંટચોરીનો આ બીજો બનાવ સામે આવતા સ્થાનિકોમાં સુરક્ષાને લઈને ભારોભાર ચિંતા વ્યાપી ગઈ છે. ફાર્મ હાઉસ અને એકાંકી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવાની માંગ સાથે લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. સમ્પૂર્ણ ઘટનાએ વિસ્તારની કાયદો-વ્યવસ્થા અંગે અનેક સવાલો ઉભા કર્યા છે.

## SIR ગણતરીની ખામીઓ વચ્ચે સહાયક BLOના અવસાનથી ઉથલપાથલ



વડોદરા શહેરમાં મતદારયાદીની Special Intensive Revision (SIR)–2025 પ્રક્રિયા અંગે સતત ઉઠતી ફરિયાદો વચ્ચે એક ગંભીર બનાવ પ્રકાશમાં આવ્યો છે. કોંગ્રેસ પક્ષ દ્વારા કલેક્ટર કચેરીએ ૭, ૧૨ અને ૧૯ નવેમ્બરનાં રોજ કરાયેલ રજૂઆતોમાં BLO માટે પૂરતા સ્ટાફ, યોગ્ય ટ્રેનિંગ, એકેડમિક રજા અને પ્રક્રિયાનો સમય ૩૧ માર્ચ 2026 સુધી વધારવાની માંગ કરવામાં આવી હતી. પક્ષે SIR દરમિયાન જોવા મળેલી અનેક ખામીઓ, BLOને આપવામાં આવેલી જૂની મતદારયાદી, મેદાનમાં પડકાર અને વધતા દબાણ અંગે પણ ધ્યાન દોર્યું હતું. તદુપરાંત, વડોદરા મહાનગર પાલિકાના કમિશનર અરુણ મહેશ બાબુ, વધારાના જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે કાર્યરત હોવા છતાં જરૂરી સ્ટાફ અને તાલીમની વ્યવસ્થા કરવામાં નિષ્ફળ રહ્યા હોવાનો આક્ષેપ પાર્ટીએ કર્યો હતો. ૧૨૦૦ જેટલા સહાયક સ્ટાફની જાહેરાત સામે માત્ર ૧૦ ટકા જ વ્યવસ્થા થઈ હોવાનું પક્ષનું કહેવું છે. આ પરિસ્થિતિને લઈને ECI સમક્ષ સત્તાવાર ફરિયાદ પણ નોંધાઈ હતી. આ વચ્ચે ૨૨ નવેમ્બરના રોજ ૧૪૩–વિધાનસભા વિસ્તારમાં સહાયક BLO તરીકે ફરજ બજાવતા ઉષાબેન સોલંકીનું ફરજ દરમિયાન આકસ્મિક અવસાન બન્યું હતું. કોંગ્રેસ પક્ષે સરકારને તેમના પરિવારને આર્થિક સહાય અને એક સભ્યને નોકરી આપવાની માંગ કરી છે.

## મોબાઇલ કૉલ પરથી ધમકીનો બનાવ ચર્ચામાં

માંજલપુર વિસ્તારમાં પ્રીતીબેન મોરેના પરિવારને ધમકી આપવામાં આવેલ હોવાનો બનાવ સામે આવ્યો છે. ૨૧ નવેમ્બર ૨૦૨૫ની સવારે આરોપી સંજય પાનસુરીયાએ ફરિયાદીના પતિને ફોન કરીને ગાળાગાળી કરી હતી. બાદમાં તેણે દાવો કર્યો હતો કે તે માંજલપુર પહોંચ્યો છે અને તેમના ઘરની બહાર આવેલા મહાદેવ મંદિર પાસે બેઠો છે, સાથે જ પડકારજનક શબ્દોમાં બહાર આવવાની ધમકી આપી હતી. આ ઘટનાથી સ્થાનિક વિસ્તારોમાં ચકચાર મચ્યો છે અને પરિવારએ સુરક્ષાની ચિંતા વ્યક્ત કરી છે.

## શહેરમાં દારૂ કેસો વધતા પોલીસ કડક કાર્યવાહી

જે.પી. રોડ વિસ્તારમાં એક મોટા ઠગાઈ પ્રકરણ બહાર આવ્યું છે જેમાં કર્ણાટકની રહેવાસી મંજુ આર. રવીને નિશાન બનાવાયા હતા. સિગ્નેટ હબ અને એટલાન્ટિક હાઇટ્સ (ગેંડા સર્કલ) ખાતે ઓફિસ ધરાવતા ગેંગે સસ્તા સોના અને ₹૧૦ કરોડની લોન અપાવવાની લાલચ આપી ફરિયાદી પાસેથી કુલ ₹૪,૬૧,૫૦,૦૦૦ વસૂલ્યા હતાં. લોનના કમિશન માટે વિશાલ બારડે એડવાન્સ રૂપે વધારાના ₹૩૧,૦૦,૦૦૦ લીધા હતાં. મળીને ₹૪,૯૨,૫૦,૦૦૦ની છેતરપિંડી થઈ છે.

વિશાલ વિનોદભાઈ બારડ, નયનાબેન મહીડા અને રાજવીર પરીખ (ઉર્ફે ઇલ્યાસ અજમેરી) સહિતના આરોપીઓએ નકલી ઈ.ડી. અધિકારી અને પોલીસ તરીકે ઓળખ આપી નકલી રેડનું નાટક પણ કર્યું હતું, જેથી ફરિયાદીને દબાણમાં રાખી વધુ રકમ વસૂલાઈ શકે. માર્ચ ૨૦૨૫થી અત્યાર સુધી ચાલતી આ ગતિવિધિએ શહેરમાં મોટો ચકચાર મચાવ્યો છે.




## ગોરવા વિસ્તારમાં ગાય છોડાવવાના ઝઘડામાં તંગદિલી

ગોરવા વિસ્તારમાં રખડતી ગાય પકડવા ગયેલી કોર્પોરેશનની ઢોર પાર્ટી સાથે થયેલો ઝઘડો ફરી ચર્ચામાં આવ્યો છે. અરૂણ રામરાવ દેવરેની ટીમ ૨૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે ઝાંસી કી રાણી સર્કલ નજીક નિયમ મુજબ રખડતી ગાય પકડી રહી હતી. દરમિયાન એક અજાણ્યા ઈસમ ત્યાં આવી પહોંચ્યો અને ટીમ મેમ્બર રાહુલ પરમાર સાથે ધક્કામુક્કી કરી ગાય છોડી ભાગી ગયો. આ ઘટનાના થોડા જ સમય બાદ ભાવેશભાઈ રબારી નામનો વ્યક્તિ સ્થળ પર આવ્યો હતો. તેણે અને અજાણ્યા ઈસમએ ટીમના સભ્યો સાથે ઉગ્ર વાદવિવાદ કર્યો હતો. બંનેએ ગંદી ગાળો બોલી કર્મચારીઓને ધમકાવ્યા હતા, જેના કારણે કામગીરીમાં અવરોધ ઊભો થયો હતો. ફરિયાદી મુજબ સમગ્ર ઘટનાક્રમ દરમિયાન ટીમના સભ્યોમાં અશાંતિ ફેલાઈ હતી અને તેમની નિયમિત ફરજમાં સ્પષ્ટ અવરોધ ઊભો થયો હતો.

રખડતા પશુઓના મુદ્દે શહેરમાં વારંવાર તંગદિલી સર્જાતી હોવાને કારણે આ બનાવે સુરક્ષા અને કામગીરીના પડકારો અંગે ફરી ચર્ચા તેડી છે.




## શહેરમાં પાંચ જુદા સ્થળેથી બાઇક ચોરીની વધતી બનાવો

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં દારૂ સંબંધિત કુલ ૪૦ કેસ સામે આવ્યા હતા. શહેરના અનેક વિસ્તારોમાંની આ કામગીરી દરમિયાન દેશી દારૂના ૧૬ લીટર, ઇંગ્લીશ દારૂના કવાટરીયા, પાંચ દારૂની બોટલ તેમજ ચાર બિયર મળી કુલ ₹૮૮૦૭ નો મુદ્દામાલ કબજે કરાયો હતો. શહેરમાં પ્રોહીબિશન હોવા છતાં દારૂના વેચાણ અને સેવનના બનાવોમાં સતત વધારો જોવા મળે છે, જેને કારણે સામાજિક સ્તરે ચિંતા વ્યક્ત થઈ રહી છે.આ કાર્યવાહી દરમિયાન કુલ ૩૭ ઈસમોને ઝડપી લેવાયા છે, જેમાંથી ૩૪ લોકો પીધેલી હાલતમાં મળી આવ્યા હતા. નશાની સામે ચાલતી ઝુંબેશ છતાં શહેરના વિવિધ ખૂણાઓમાં દારૂના જથ્થાના પુરવઠા અને વેચાણની પ્રવૃત્તિ યથાવત રહેતા પ્રશ્નો ઊઠી રહ્યા છે.




સ્થાનિક નિવાસીઓએ પણ આવા કેસોમાં સતત વધારો થતો હોવાને લઈને અસંતોષ વ્યક્ત કર્યો છે અને કડક દેખરેખ વધારવાની માંગ ઉઠાવી છે. વડોદરામાં દારૂ વિરુદ્ધના નિયમો હોવા છતાં આવી પ્રકૃતિના બનાવો શહેરની કાયદાકીય અને સામાજિક વ્યવસ્થાને પડકારરૂપ બની રહ્યા છે. વિશેષ કરીને યુવાનોમાં નશાની વધતી વૃત્તિને ધ્યાનમાં રાખીને જાગૃતિ અને નિયંત્રણ બંનેની જરૂરિયાત જણાઈ રહી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫